# સાધુસંતોની વાણીમાં પ્રગટ થતી બિનસાંપ્રદાયિકતા અને સામાજિક સંવાદિતા

ડૉ. કનુભાઈ શેઠ

**પ્રાસ્તાવિક**

પ્રાચીન-મધ્યકાલીન જૈન સાહિત્ય બહુધા જૈન સંતો-સાધુઓ-મુનિઓ દ્વારા રચાયેલ છે. આ સાહિત્ય પ્રાયઃ પદ્યમાં રચાયેલ છે. ગદ્ય પ્રમાણમાં અલ્પ છે. આવું પદ્યાત્મક સાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની, વ્રજ, તામિલ, તેલુગુ વગેરે ભાષામાં પ્રાપ્ત થાય છે. વિષયની અપેક્ષાએ એમાં દર્શન, યોગ, કાવ્યો, કથા, ચરિત્ર, પ્રબંધ, નાટક, છંદ, અલંકાર તથા આધ્યાત્મિક અને ઉપદેશાત્મક પદ-સાહિત્ય વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જૈન ધર્મના સિદ્ધાંતો સ્ફૂટ કરવા માટે જૈન સંતોએ સર્જેલી ગ્રંથસંપત્તિ પ્રમાણમાં વિપુલ છે. એમાં એમણે મધ્યસ્થપણે તત્ત્વનિરૂપણ કરતા લોકકલ્યાણ કે સામાજિક સંવાદિતા પરત્વે વિશેષ ઝોક આપ્યો છે. અત્રે જૈન સંપ્રદાયના આવા કેટલાક સંતોની વાણીમાં પ્રગટ થતી બિનસાંપ્રદાયિક્તા અને સામાજિક સંવાદિતાનું અવલોકન કરવાનો ઉપક્રમ છે.

**મહાવીરવાણીમાં સ્વાહિતા**

સમ્યક્ પ્રકારે પવિત્ર જ્ઞાનસંપત્તિ કે શુદ્ધ વિચારધારા પ્રદાન કરનાર પરંપરા તે સંપ્રદાય (સમ + પ્ર + દાય અર્થાત્ સમ્યક્ પ્રકારે પ્રદાન કરનાર). આવા સંપ્રદાય એક કરતાં અનેક હોય તે ઇચ્છનીય છે. પરંતુ જો આવા સંપ્રદાયો પરસ્પર સંઘર્ષ કરે તો તે સંપ્રદાય ન રહેતાં 'સંપ્રદાહ' (સમ + પ્ર + દાહ અર્થાત્ ખૂબ બાળનાર) થાય છે. આવા સંપ્રદાય પાસે અપેક્ષા રહે કે બીજું કોઈ જ્ઞાન ન મળે પણ ફક્ત સત્ય, અહિંસા, મૈત્રી, પરસ્પર સંવાદિતા, પરોપકાર અને સંયમના જ બોધપાઠો સારી રીતે પ્રાપ્ત થાય તો ઇહલોક અને પારલૌકિક સુખ માટે, તેમજ જીવનકલ્યાણ માટે - સામાજિક સંવાદિતા માટે તે પર્યાપ્ત છે. જો જનતાના બૌદ્ધિક વિકાસ કે જ્ઞાનવિનોદ માટે એમણે બીજું આપવું હોય તો પરસ્પરના સંઘર્ષ વગર સભ્યતાથી, મધ્યસ્થતાથી, ઉચ્ચ વાત્સલ્યભાવથી આપે.

વૈદિક અને શ્રમણ-સંસ્કૃતિ મહાવીર અને બુદ્ધના જમાનામાં પરસ્પર સંઘર્ષમાં આવી અને એ મહાપુરુષોને એમના પ્રખર તપોબળે સારો વિજય અપાવ્યો. મોટા મોટા વિદ્વાનો કોઈ મહાવીરના શાસનમાં (મહાવીરના ગૌતમ આદિ પ્રથમ અગિયાર શિષ્યો પ્રખર બ્રાહ્મણ વિદ્વાનો હતા) જોડાયા, તો કોઈ બુદ્ધના શાસનમાં.

મહાવીરના ક્રાન્તિકારક ઉપદેશમાં મુખ્યત્વે લોકોમાં પ્રચલિત અંધવિશ્વાસ હટાવવો, હિંસાનું વાતાવરણ મિટાવવું, અહિંસા-મૈત્રીભાવનો પ્રચાર કરવો, વિવેકબુદ્ધિના ઉદ્ઘાટન દ્વારા ધર્મો અને દર્શનો સંબંધી સમન્વય રેખા-સંવાદિતા રજૂ કરવી, અને સહુથી મોટી વાત એ છે કે માણસોને એ દર્શાવવું કે તમારું સુખ તમારા હાથમાં જ છે. ધન-વૈભવમાં, પરિગ્રહમાં અસલી સુખ જોવાની ચેષ્ટા કરશો તો અસફળ રહેશો. જનતામાં સત્યનો પ્રચાર થાય તે માટે એ સંતે તે વખતે વિદ્‌ભાષા ગણાતી એવી સંસ્કૃત ભાષાને સ્થાને જનસમાજમાં - લોકસમાજમાં પ્રચલિત એવી પ્રાકૃત ભાષામાં પોતાની ઉપદેશ-વાણી વહેવડાવી હતી. મહાવીરે ખૂબ ભારપૂર્વક કહ્યું છે કે, 'માનવ પોતાનું આત્મહિત-પોતાનું જીવનશોધન જેટલું વધુ સાધે છે તેટલું વધુ બીજાનું ભલું - બીજાનું હિત કરી શકે છે અને એટલી વધુ સંવાદિતા સમાજમાં સ્થાપે છે.'

બધા સત્યશોધકની સત્યખોજ કરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે. મહાવીરની નિરૂપણશૈલી જુદી છે. આ શૈલીનું નામ છે અનેકાન્તની શૈલી.

વસ્તુનું પૂર્ણ તથા પર્યાપ્ત દર્શન થવું કઠિન છે. જેમને થાય તેને પણ તેના તે જ રૂપમાં શબ્દ દ્વારા ઠીક ઠીક કથન કરવું કઠિન જ છે. દેશ, કાળ, પરિસ્થિતિ, ભાષા, શૈલી વગેરેના ભેદના કારણે તે બધાંનાં કથનોમાં કંઈ ને કંઈ ભિન્નતા, વિરુદ્ધતા દેખાઈ આવે એ અનિવાર્ય છે. આવી વસ્તુસ્થિતિ જોઈ મહાવીરે વિચાર્યું કે એવો માર્ગ કાઢવો જોઈએ, જેથી વસ્તુનું પૂર્ણ યા અપૂર્ણ સત્યદર્શન કરવાવાળા સાથે અન્યાય ન થવા પામે. બીજાનું દર્શન અપૂર્ણ અને આપણી પોતાની વિરુદ્ધ હોવા છતાં જો સત્ય હોય, અને એ જ પ્રમાણે આપણું પોતાનું દર્શન અપૂર્ણ અને બીજાથી વિરુદ્ધ હોવા છતાં જો સત્ય હોય તો એ બંનેને ન્યાય મળે એવો માર્ગ કાઢવો જોઈએ. એ માર્ગ તે અનેકાન્ત દૃષ્ટિ. સંવાદિતાની દૃષ્ટિની આ ચાવી વડે તે સંતે વૈયક્તિક તથા સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓનાં તાળાં ખોલી નાખ્યાં છે. આમ સામાજિક સંવાદિતા ઊભી કરી. એમણે કહ્યું - રાગદ્વેષની વૃત્તિને વશ ન થતાં સાત્વિક માધ્યસ્થ્ય રાખવું. માધ્યસ્થ્યનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી તે તરફ લક્ષ્ય રાખી કેવળ સત્યની જ જિજ્ઞાસા રાખવી. જેમ આપણા પોતાના પક્ષ કે મત પર, તેમ બીજાના વિરોધી લાગતા પક્ષ કે મત પર, આદરપૂર્વક વિચાર કરવો અને જેમ વિરોધી પક્ષ કે મત પર, તેમ આપણા પોતાના પક્ષ કે મત પર પણ તીવ્ર સમાલોચક દૃષ્ટિ રાખવી. પોતાના અને બીજાઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવોમાંથી જે જે અંશ ઠીક માલૂમ પડે - ચાહે તે વિરોધી જ કેમ ન જણાતા હોય-એ બધાનો વિવેકપ્રજ્ઞાથી સમન્વય કરવાની ઉદારતાનો અભ્યાસ કરવો અને અનુભવના વધવા પર પૂર્વના સમન્વયમાં જ્યાં ભૂલ જણાય ત્યાં મિથ્યાભિમાન છોડી સુધારો કરવો અને એ ક્રમે આગળ વધવું. આમ આ દષ્ટિ એટલે સંપૂર્ણ સંવાદિતા સ્થાપવી.

મહાવીરની વાણીમાં ધ્યાન ખેંચનારી ત્રણ બાબત છે. અનેકાન્ત, અહિંસા અને અપરિગ્રહ. અનેકાન્ત વિશે આપણે ચર્ચા કરી છે કે માનવવર્ગમાં પરસ્પર સૌમનસ્ય-સંવાદિતા સાધવાનો માર્ગ અનેકાન્ત દષ્ટિના યોગે સરળ થાય છે. અહિંસામાંથી અનેકાન્ત દષ્ટિ સ્ફુરે છે. અને અનેકાન્ત દષ્ટિના યોગે અહિંસા જાગૃત થાય છે. આમ એ બન્ને વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. હિંસામાં અસત્ય ચોરી વગેરે બધા દોષો અને બૂરાઈઓનો સમાવેશ થઈ જાય છે. હિંસા, જૂઠ, ચોરી, લુચ્ચાઈ, વગેરે બધા દોષો પરિગ્રહના આવેશમાંથી જન્મે છે. એ જ સમાજમાં વિષમતા આણે છે અને વર્ગવિગ્રહ જગાડી ધાંધલ અને ધિંગાણા મચાવરાવે છે. બધાં પાપો અને સ્વચ્છન્દતા તથા વિલાસોન્માદોનું મૂળ એ છે. અહિંસાની સાધના પરિગ્રહના સમુચિત નિયંત્રણ વગર અશક્ય હોઈ પરિગ્રહ નિયમન જીવનહિતની અને સમાજહિતની પ્રથમ ભૂમિ બને છે. માટે ગૃહસ્થવર્ગના તેમજ સમગ્ર સમાજના ભલા માટે એ મહાત્માએ પરિગ્રહપરિમાણ (પરિમિત પરિગ્રહ), જેના વગર સમાજમાં કે જનતામાં મૈત્રી તથા સુખ-શાંતિ સ્થપાઈ શકતી નથી, તેના ઉપર ખૂબ જ ભાર આપ્યો છે. અને એ રીતે લોકોનું વ્યવહારુ જીવન ઉજ્જવળ અને સુખશાંતિવાળું બને એ દિશામાં એ સંતપુરુષનો ઉપદેશપ્રચાર વ્યાપક બનેલો છે. આજે સામ્યવાદ અને સમાજવાદનું આંદોલન જગત ઉપર ફરી વળ્યું છે, પણ સામ્યવાદનો સામાજિક સંવાદિતાનો વિશુદ્ધ રૂપનો પ્રચાર પરિગ્રહપરિમાણ અને લોકમૈત્રીનો વિશાલ નાદ બજાવી અઢી હજાર વર્ષ પૂર્વે સર્વ પ્રથમ શ્રેષ્ઠ રીતે મહાવીરે કરેલો એ ઐતિહાસિક સત્ય છે.

મહાવીરે તે સમયમાં પ્રચલિત થયેલી દાસ-દાસીની બૂરી પ્રથાઓ હટાવવા તીવ્ર તપશ્ચર્યા કરી લોકોને સમાનતાના પાઠ ભણાવ્યા હતા. મહાવીરે દાસીપણામાં સપડાઈ ગયેલી રાજકુમારી 'ચન્દનબાળા'ને સાધ્વી બનાવી હતી તે નોંધપાત્ર છે. આ છે સામાજિક સંવાદિતાનું જ ઉદાહરણ.

એમણે સામાજિક સંવાદિતા સ્થાપવા અર્થે ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું :

**कम्मुणा बंभणो होई कम्मुणा होइ खत्तिओ**

**वइस्सो कम्मुणा होई सुद्दो हवइ कम्मुणा ॥** ૩૨ ॥

(ઉત્તરાધ્યન, પચીસમું અધ્યયન)

કર્મથી બ્રાહ્મણ છે. કર્મથી ક્ષત્રિય છે. કર્મથી વૈશ્ય છે અને કર્મથી શુદ્ર છે.

આમ મહાવીરે (અને બુદ્ધે પણ) **कर्मणा वर्ण**ના સિદ્ધાંત ઉપર જ વિશેષ પણે બળ આપ્યું છે. આ જ સિદ્ધાંત ઉત્તમ વ્યવસ્થાપક છે અને એને ન માનવાથી એની જગ્યાએ **जन्मनावर्ण**ના અપસિદ્ધાંતને સ્થાપિત કરવાથી સામાજિક સંવાદિતાને હાની પહોંચે છે. તે સમયે ઉચ્ચ અને નીચ ભાવની સંકુચિત વૃત્તિ એટલી - કટ્ટર અને કઠોર હતી કે નીચ અને હલકા-શુદ્ર ગણાતા માણસો ઉપર કઠોર જુલમ-સીતમ કરવામાં આવતો હતો. જેમકે ''ગૌતમ ધર્મસૂત્ર'માં કહ્યું છે કે - વેદ સાંભળનાર શુદ્રના કાનમાં સીસુ અને લાખ ભરી દેવી; એ વેદનું ઉચ્ચારણ કરે તો જીભ કાપી નાખવી; અને યાદ કરી લે તો એનું શરીર કાપી નાખવું :

**अथ दास्य वेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रनिपूरणम् ।**

**उदाहरणे-जिह्वाच्छेदो धारणे शरीरभेदः ॥**

**गौतमधर्मसूत्र**

**न शुद्राय मतिं दद्यान्नोच्छिष्टं न हविष्कृतम् ।**

**न चात्योपदिशेद् धर्मं न यास्य व्रतमादिशेत् ॥**

વાસિષ્ટ ધર્મસૂત્ર

વળી 'વાસિષ્ઠ ધર્મસૂત્ર'માં કહ્યું છે કે શુદ્રને બુદ્ધિ ન આપવી અને યજ્ઞનો પ્રસાદ ન દેવો અને એને ધર્મનો ઉપદેશ તથા વ્રતનો આદેશ ન આપવો. આમ ધર્મનાં દ્વાર તેમને માટે બંધ હતાં. આ સંદર્ભમાં મહાવીરે જણાવ્યું કે -

**उच्चो गुणे कर्मणि यः स उच्यते ।**

**नीचो गुणे कर्मणि यः स नीचः ।**

**शुद्रोऽपि चेत् सच्चरितः स उच्चो, ।**

**द्विजोऽपि चेद् दुश्चरितः स नीचः ॥**

જે ગુણ-કર્મમાં ઉચ્ચ છે તે ઉચ્ચ છે અને જે ગુણકર્મમાં નીચ છે તે નીચ છે. કહેવાતો શુદ્ર પણ સચ્ચરિત્ર હોય તો ઉચ્ચ છે અને કહેવાતો બ્રાહ્મણ પણ દુશ્ચરિત્ર હોય તો નીચ છે. આમ કહી વર્તનના સુસંસ્કાર પર ઉચ્ચપણું પ્રતિષ્ઠ હોવાનું સમજાવ્યું. માત્ર વાણીથી જ ન સમજાવ્યું પણ નીચ, દલિત કે અસ્પૃશ્ય ગણાતાઓને માટે પણ પોતાનાં ધર્મસંસ્થાનાં દ્વાર ખુલ્લા કરી દીધાં, આમ મહાવીરે સામાજિક સંવાદિતા પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

તે સમયે સ્ત્રીને હીન કોટીએ મૂકી દેવામાં આવી હતી. વેદમાં સ્ત્રીને તિરસ્કારવામાં આવી હતી તે વખતે મહાવીરે જગત આગળ સ્ત્રીને પુરુષ સમકક્ષ જાહેર કરી અને ધાર્મિક ક્ષેત્રમાં પુરુષના સરખે દરજ્જે ચઢાવી અને તેને સન્યાસ-દીક્ષામાં પણ સ્વીકારી.

એમના ધર્મ માર્ગને એના સાચા રૂપમાં માનવધર્મ કહી શકીએ. જે બધા પ્રત્યે ન્યાય અને સમાનતાની દષ્ટિવાળો હોઈ જગતનો કોઈપણ માણસ પોતાના સ્થિતિ-સંજોગ પ્રમાણે એને અનુસરી શકે છે, પાળી શકે છે એ પૂર્ણદષ્ટા વિતરાગ જ્ઞાની માર્ગ 'જિન' પ્રકાશ કે પ્રચારમાં આણેલ હોવાને કારણે જ જૈનધર્મ કહેવાય છે. બાકી એની વાસ્તવિક્તા અને વ્યાપકતા જોતાં એ સર્વજનસ્પર્શી અને સર્વજનહિતાવહ માર્ગદર્શક ધર્મ 'જનધર્મ' કહી શકાય.

વળી મહાવીર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમતાથી શ્રમણ થવાય છે. બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય છે. જ્ઞાન (વિવેકજ્ઞાન)થી મુનિ થવાય છે અને તપથી તાપસ થવાય છે.

**समवाए समणो होइ बंभचरेण बंभणो ।**

**नाणेण य मुणी होई तवेण होई तावसो ॥** ૩૧ ॥

સમતા એટલે સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાનતાનો ભાવ કેળવી આત્મીયતા બતાવવી તે, તેમજ સુખદુઃખ, લાભહાનિ, જય-પરાજયના પ્રસંગોમાં મનનું સમતોલપણું ન ગુમાવતાં એનું સ્થૈર્ય જાળવી રાખવું તે.

બ્રહ્મચર્ય એટલે પૌદ્‌ગલિક સુખોપભોગમાં લુબ્ધ ન થતાં મનનો નિરોધ કરી બ્રહ્મમાં (પરમાત્મા અથવા પરમાત્મા પદે પહોંચાડનાર કલ્યાણમાર્ગમાં) વિચરવું, વિહરવું - રમમાણ થવું તે.

જેમકે યશોવિજયજી કહે છે -

જૈન ધર્મનો મુખ્ય ઉપદેશ એ છે કે 'જે જે રીતે રાગ-દ્વેષ ઓછા થાય, નષ્ટ થાય, તે તે રીતે વર્તો-પ્રવર્તો (**किं बहुणा इह जह जह रागदोषा लहुं विलिज्जन्ति वह वह पयष्टिअव्यं एसा आणा जिणिं दाणं ॥**

આધ્યાત્મપરીક્ષા-અંતિમગાથા. - યશોવિજયજી

આમ મહાવીર વાણીમાં પદે પદે સામાજિક સંવાદિતા પ્રગટ થાય છે.

સંત હરિભદ્રસૂરિ (આઠમી સદી) એમના તત્ત્વપૂર્ણ સુંદર ગ્રંથ **'शास्त्रवार्ता समुच्चय'** માં જૈનદર્શનસંમત 'ઈશ્વર જગતકર્તા નથી' એ સિદ્ધાંત યુક્તિપુરસ્સર સિદ્ધ કર્યા પછી એ સમભાવસાધક અને ગુણપૂજક આચાર્ય કહે છે :

**ततश्वेश्वरकर्तृत्ववादोऽयं युज्यते परम**

**सम्यग् न्याय विरोधेन यथा हुंः शुध्धवुध्धयः ॥** १० ॥

**ईश्वरः परमात्मैव तदुक्तव्रतसेवनात् ।**

**यतो मुक्तिस्ततस्तरुपाः कर्ता स्याद् गुणभावतः ॥** ११ ॥

**तदनासेवनादेव यत् संसारोऽपि तत्त्वतः ।**

**तेन तस्यापि कर्तृत्वं न दुष्यति ॥** १२ ॥

ઈશ્વરકર્તૃત્વનો મત આવી રીતની યુક્તિથી ઘટાવી શકાય છે કે રાગદ્વેષ મોહરહિત પૂર્ણ વીતરાગ પૂર્ણજ્ઞાની પરમાત્મા એ જ ઈશ્વર છે. અને તેણે ફરમાવેલ કલ્યાણમાર્ગને આરાધવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે, માટે યુક્તિના દેનાર ઈશ્વર છે એમ ઉપચારથી કહી શકાય અને એ પરમાત્માએ બતાવેલ સદ્ધર્મમાર્ગનું આરાધન નહિ કરવાથી ભવભ્રમણ જે કરવું પડે છે તે પણ ઈશ્વરનો ઉપદેશ નહિ માન્યાનું પરિણામ છે.

'ઈશ્વર કર્તા છે' એવા વાક્ય પર કેટલાકનો આદર બંધાયો છે તેમને લક્ષ્યમાં રાખીને પૂર્વોક્ત પ્રકારની વ્યાખ્યા - દેશના આપવામાં આવી છે એમ હરિભદ્રસૂરિ કહે છે.

**कर्ताऽयमिति तद्वाक्यें यतः केषाश्विदादरः ।**

**अतस्तदानुगुण्येन तस्य कर्तृत्वदेशना ॥** ३ ॥

હરિભદ્રસૂરિ બીજી રીતે પણ ઉપચાર વગર ઈશ્વરને કર્તા બતાવે છે :

**परमैश्वर्यकृत्वान्मत आत्मैव वेश्वरः ।**

**सच कर्त्तेति निर्दोषे कर्तृवादो व्यवस्थितः ॥** ४ ॥

અથવા પરમાત્મા ઈશ્વર છે એમ મનાયું છે, કેમકે દરેક આત્મા (જીવ) એના સાચા રૂપમાં પરમ ઐશ્વર્યપુંગી છે અને આત્મા (જીવ) તે ચોખ્ખી રીતે કર્તા છે જ. આવી રીતે ઈશ્વરકર્તૃત્વવાદ વ્યવસ્થિત થઈ શકે છે.

આમ હરિભદ્રસૂરિ સંવાદિતા સ્થાપવા પ્રયત્ન કરે છે.

આચાર્ય હેમચન્દ્રાચાર્ય પ્રભાસ પાટણમાં સોમનાથ મહાદેવની મૂર્તિના સામીપ્યે સ્તુતિ કરતી વખતે નીચેનો શ્લોક બોલ્યા હતા. તે તેમની બિનસાંપ્રદાયિક્તા તથા સામાજિક સંવાદિતા પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ છે.

**भवतीजाङ्कर जनना रागाद्याः क्षयमुपागता यस्या ।**

**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्यै ॥**

ભવ-સંસારના કારણભૂત રાગ, દ્વેષ આદિ સમગ્ર દોષો જેના ક્ષય પામ્યા છે તે ચાહે બ્રહ્મા, વિષ્ણુ, શંકર અથવા જિન હોય તેને મારા નમસ્કાર છે.

મૂર્તિ એ આવા વીતરાગતાના ઉચ્ચતમ આદેશનું (પરમાત્માનું) વીતરાગતાનો પ્રતિભાસ પાડનારું પ્રતીક છે તે પ્રતીક દ્વારા આદર્શ (પરમાત્મા)ની પૂજા-ભક્તિ થઈ શકે છે. આદર્શને કયા નામથી પૂજવું એ બાબતમાં આ શ્લોક કહે છે કે આદર્શનું પૂજન અને ભક્તિ અમુક જ નામ જ ઉચ્ચારીને થઈ શકે એવું કાંઈ નથી. ગમે તે નામ આપીને અને ઉચ્ચારીને આદર્શને પૂજી શકાય છે.

સંત યશોવિજયજી પણ એમની 'પરમાત્માપચીસી' નામની કૃતિમાં કહે છે કે -

**बुध्धो जिनो हृषीकेश शम्भुर्ब्रह्मादिपूरुषः ।**

**इत्यादिनामभेदेऽपि नार्थतः स बिभिद्यते ॥**

બુદ્ધ, જિન, હૃષીકેશ- શમ્ભુ, બ્રહ્મા, આદિ પુરુષ વગેરે જુદાં જુદાં નામ છતાં એ બધાનો અર્થ એક જ છે. એક જ પરમાત્મા એ બધાં નામોથી અભિહિત થાય છે. અને વળી 'અનેકાન્ત વિભૂતિ દ્વાત્રિંશિકા' નામના ગ્રંથમાં યશોવિજયજી કહે છે-

**रागादिजेता भगवन् । जिनोऽसि ।**

**बुध्धोऽसि बुद्धि परमामुपेतः**

**कैवल्यविद् व्यापितयाऽसि विष्णुः**

**शिवोऽसि कल्याण विभूति पूर्णः ॥**

હે પ્રભુ, તું રાગાદિ દોષોનો જેતા હોવાથી જિન છે, પરમ બુદ્ધિને પ્રાપ્ત થયેલ હોઈ બુદ્ધ છે. કૈવલજ્ઞાનથી વ્યાપક હોવાથી વિષ્ણુ છે અને કલ્યાણપૂર્ણ હોવાથી શિવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં તાત્પર્ય એ છે કે તમને ગમે તે મૂર્તિનું અને ગમે તે નામનું આલંબન લો, છતાં જેમની પૂજનીય મૂર્તિનો આકાર-પ્રકાર કે રચનાપ્રકાર ભિન્ન હોય અથવા જેઓ આદર્શ ઓળખવા માટે જુદા નામનો ઉપયોગ કરતા હોય તેમની સાથે તે કારણે વિરોધ કે તકરાર કે વિસંવાદિતા કરવાનું કોઈ કારણ નથી, એટલું જ નહિ, તેની બાબતોને લઈને તેમના પ્રત્યેના આપણા મૈત્રીશાળી વ્યવહારમાં ફરક ન પડવો જોઈએ.

વીતરાગતા એ પ્રત્યેક માનવનું અંતિમ સાધ્ય-ધ્યેય હોવું જોઈએ એ મુખ્ય બાબત સિવાય જૈન ધર્મ અન્ય સંપ્રદાયોની તત્ત્વવિષયક માન્યતા અને આચારસંહિતા અથવા ક્રિયાકાંડ પ્રત્યે આદર ધરાવે છે તે બાબત યશોવિજયજીના 'પરમાત્માપચ્ચીસી'ના નીચેના શ્લોકથી સ્પષ્ટરેખ થાય છે.

**जितेन्द्रिया जितक्रोधा दान्तात्मानः शुभाशयाः**
**परमात्मगतिं यान्ति विभन्नेरिव वर्त्मनिः ।**

જીતેન્દ્રિય, ક્રોધાદિકપાપરહિત. શાન્તમના, શુભ આશયોવાળા સજ્જનો જુદા જુદા માર્ગથી પણ પરમાત્મા દશાએ પહોંચી શકે છે.

જયશેખરસૂરિ પોતાની સંબોહસત્તરિમાં કહે છે કે -

**सेयंबरो य आसंवरो य बुध्धो व अहव अन्नोवा**
**समभावभावि अप्पा लहई मुक्खं न संदेहो ॥ २ ॥**

શ્વેતાંબર, દિગંબર, બૌદ્ધ યા અન્ય કોઈ પણ જો સમભાવભાવિત હોય તો અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે.

જૈન ધર્મનો પરિચય કરવાથી માલુમ પડે છે કે તે વસ્તુતઃ વાડારૂપ સંપ્રદાય નથી. તે જીવનવિધિ કે જીવનચર્યા છે. તો પણ તીર્થંકરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) અને આચાર-ક્રિયા-પદ્ધતિ-પણ પ્રદર્શિત કરી છે; અને વ્યવહાર માર્ગ હેતુએ સંઘની સ્થાપના પણ કરી છે અને તેના આચારની રજૂઆત કરી છે તો પણ, તેનો અર્થ એ નથી કે જે સંઘમાં ન હોય તથા તે એ પ્રકારના આચાર ન પાળતો હોય તો પણ જો તે સત્ય-અહિંસાને માર્ગે ચાલતો હોય તો તે જૈન છે. પછી તે ભલે ગમે તે જાતિ-કુળ-વંશ-સંપ્રદાયનો હોય, પણ તે અવશ્ય જૈન છે. અને તે મોક્ષનો અધિકારી છે એમ જૈન ધર્મ કહે છે :

આમ જૈન ધર્મમાં પાયા રૂપે જ સામાજિક સંવાદિતા રહેલી છે.

અઢારમી સદીમાં થઈ ગયેલ સંત આનંદઘનજીના સમયમાં જૈન સંપ્રદાય વિચ્છિન્ન હતો. પ્રત્યેક ગચ્છ સ્વમતાગ્રહી હતો. એટલે કવિ કહે છે :

ગચ્છના ભેદબહુ નયન નીહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકી,
મોહ નડીઆ કલિકાલકાજે,
રામ ભણી, રહેમાન ભણાવી, અરિહંત પાઠ પઢાઈ
ઘર ઘર ને હું ધંધે વિલગી, અલગી જીવ સગાઈ.

આમ આનંદઘનજી ગચ્છ માનતા નથી, તે બધા સંપ્રદાયના સમન્વયમાં માનનારા છે. તે સામાજિક સંવાદિતામાં માને છે.

* * *

**સંદર્ભ :** ૧. જૈન દર્શન, ન્યાયવિજયજી પાટણ. ૧૯૬૮
૨. યશોદોદન, હીરાલાલ કાપડિયા.
૩. આનંદઘનનાં પદો, હીરાલાલ કાપડિયા

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org